ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૧૭.૦૧.૨૦૧૮**

## જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના ઉમેદવારોની પસંદગી માટે આગામી તા. ૧૮ થી ૨૦ જાન્યુઆરી દરમ્યાન ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યોજાશે.

-------------

પ્રદેશ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, **૦૨** જીલ્લા પંચાયત, **૧૭** તાલુકા પંચાયત અને **૭૫** નગરપાલિકાની યોજાનારી આગામી ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોની પસંદગી માટે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક **તા. ૧૮ થી ૨૦ જાન્યુઆરી**ના રોજ પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે યોજાશે.

ભાજપના ઉમેદવારોની પસંદગી માટે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક માન. પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં, રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવ તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ ત્રણ દિવસ દરમ્યાન મળશે. જેમાં ૦૨ જીલ્લા પંચાયતની ૧૧૦ બેઠકો, ૧૭ તાલુકા પંચાયતની ૪૩૬ બેઠકો અને ૭૫ નગરપાલિકાની ૨૧૧૬ બેઠકો માટે ઉમેદવારની પસંદગી માટે ચર્ચા થશે.

આ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં જીલ્લા સંકલન સમિતીના સભ્યો અને મંડલના જવાબદાર અગ્રણીઓ હાજર રહેશે.

(ડો. હર્ષદ પટેલ)
**પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ**